Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

# હરમાન હેસની સિદ્ધાર્થ નવલકથામાં બૌદ્ધની ફિલોસોફી

**રેખાબેન ઇશ્વરભાઇ રબારી**
Ph.d. Scholar, H.N.G.U. Patan,
rekhabenirabari2001@gmail.com

હરમાન હેસ એક જર્મન કવિ, ૧૯૬૨નાં ઓગસ્ટ માહિનામાં ૮૫ વર્ષની વયે અવસાન પામનાર લેખક પર ભારતીય વિચારધારાની અને વિશેષ કરીને બૌદ્ધ ફિલોસૂફીની ઊંડી અસર જોવા મળે છે. ૧૯૪૬માં સાહિત્ય માટે નોબલ પારિતોષિક મેળવનાર આ મહાન સાહિત્યકારે તેમની કૃતિઓ દ્વારા દર્શાવ્યું છે કે પ્રકૃતિ અને માનવી વચ્ચે સુમેળ સ્થાપવાનું શક્ય છે. તેમની અનેક નવલકથાઓમાં 'સિદ્ધાર્થ' એક મહત્વનુ સ્થાન ધરાવે છે. એમાં ભારતીય પાશ્વભૂમિકા પર ભારતીય વાતાવરણમાં કથાનું આલેખન થયું છે. કૃતિનો નાયકસિદ્ધાર્થ ઘર છોડીને પોતાની સમસ્યાના ઉકેલ માટે નીકળી જાય છે. સંન્યાસી અને યોગીથી માંડીને ગૃહસ્થ અને વેપારી તરીકે જીવનની વિવિધ અવસ્થાઓમાંથી અનુભવ મેળવે છે અને તે પસાર થાય છે. અને છેવટે સમજે છે કે હવાની પ્રત્યેક લહર અને આકાશનું પ્રત્યેક વાદળ વૃક્ષ પર બેઠેલું હરેક પક્ષી, અને નદીનો પ્રત્યેક ધ્વનિ જીવનનો મર્મ પ્રકટ કરે છે. પણ એ મર્મ જીવનને, જગતને પ્રેમ કરનારાને જ મળે છે. આંતર કે બાહ્ય એવા ભેદ વગરના વિશ્વને,વિશ્વની પ્રત્યેક વસ્તુને પ્રેમ કરવો તેમાં જ જીવનનું સમાધાન છે.

સિદ્ધાર્થનવલકથામાં એક બ્રાહ્મણ પુત્રની વાત કરવામાં આવી છે. સિદ્ધાર્થનો જન્મ, એક સમૃદ્ધ, પ્રતિષ્ઠિત બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો એ તેમના મિત્ર ગોવિંદના ખુબ લાડકા હતા. એમનું બાળપણ ખુબ જ સરસ વિત્યું. ગોવિંદ અને સિદ્ધાર્થ બંને મિત્રો મળીને ધ્યાન પણ ધરતા તોપણ તેમને અસંતોષ રહેતો. યજ્ઞો, દેવી દેવતાઓની પુજા આ બધુ જોઈને એમને પ્રશ્નો ઊઠવા લાગ્યા કે ખરેખર દેવતાઓ છે. બલિદાનનો અર્થ શું? આ બધા સવાલો એમને ઘર છોડવા તરફ દોરી ગયા.

તેમના પિતાએ શરૂઆતમાં રાજી ન હતા પરંતુ સિદ્ધાર્થનો શાંત અને મક્કમ નિર્ણય જોઈને તેમને રજા આપવી પડી. પછી શ્રમણો સાથે ગોવિંદ અને સિદ્ધાર્થ બંને મિત્રો જોડાઈ જાય છે. અને ત્યાં તે ઉપવાસ, ભૂખ, પીડા એ બધામાંથીમુક્ત થઈ જવું ટૂંકમાં તે સ્વને પૂરેપુરું

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

ઓગાળી દેવું એ બધુ કરવાનું શીખે છે. ઘણો-બધો સમય સાધુઓ સાથે રહેવા છતાં સિદ્ધાર્થને મનમાં શાંતિનો અનુભવ થતો નથી. ત્યાથી બંને મિત્રો છૂટા પડીને બુદ્ધના શરણોમાં જવાનું વિચારે છે. ત્યાં જઈને ગોવિંદ તો બુદ્ધનો શિષ્ય બની જાય છે.સિદ્ધાર્થને બુદ્ધ માટે ખુબ આદર હતો પરંતુ તેમના ઉપદેશને અપનાવ્યો નહી પછી તે કમલા પાસે જાય છેઅને તેની પાસેથી પ્રેમકલા શિખવા માગે છે.કમલા કહે તેના માટે ધન જોઈએ ત્યારે સિદ્ધાર્થ જોડે કઈ હોતું નથી અને તે કામસ્વામી જોડે જવાનું કહે છે ત્યાં જઈને ખુબ ધન કમાય છે. કમલાના ગર્ભમાં સિદ્ધાર્થનું બાળક હોય છે એનાથી તે અજાણ છે. એક રાત્રે એને સપનું આવે છે. સપનામાં આવેલા પક્ષીથી તેને પોતાની વ્યર્થતા દેખાય છે. એજ ક્ષણે શહેર છોડી દે છે. તે નદી કિનારે વાસુદેવ નામનો નાવિક હોય છેતેના જોડે રહે છે અને નદી જોડેથી ઘણું બધું શીખે છે. ત્યાં કમલા પોતાના પુત્ર સાથે ગૌતમ બુદ્ધના દર્શન કરવા જતી હોય છે.તે ત્યાં કિનારે બેસે છે. અને તેને સાપ કરડે છે. ત્યારે સિદ્ધાર્થ તેને વાસુદેવની ઝૂંપડીએ લઈ જાય છે પછી કમલાનું મૃત્યું થાય છે. અને પુત્રની જવાબદારી સિદ્ધાર્થ નિભાવે છે. વાસુદેવ,સિદ્ધાર્થ અને સિદ્ધાર્થનો પુત્ર ત્રણ જણા રહે છે.પછી એક દિવસ સિદ્ધાર્થનો પુત્ર જાણ કર્યા વિના ઘર છોડીને જતો રહે છે.ત્યાં શોધખોળ કર્યા પછી પણ તે મળતો નથી. વાસુદેવ સિદ્ધાર્થને આશ્વાસન આપે છે અને તે પણ ઝૂંપડી અને સિદ્ધાર્થને છોડીને જંગલમાં જતા રહે છે.

થોડા સમય પછી ગોવિંદ સાથે સિદ્ધાર્થની ફરી મુલાકાત થાય છે. બંને જીવનના રહસ્યો વિશે વાતો થાય છે. ગોવિંદ સિદ્ધાર્થની આંખોમાં ગૌતમ બુદ્ધ જેવુ તેજ જોવે છે. ગોવિંદ નવલકથાના અંતે સિદ્ધાર્થને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરે છે.

હરમાન હેસની આ કૃતિમાં બુદ્ધની ફિલોસોફી પર ભાર મુકવામાં આવ્યો છે. અહિયાં નવલકથામાં અનેક પાત્રોની વાત કરવામાં આવી છે. જ્યારે સિદ્ધાર્થ અને ગોવિંદ ઘર છોડીને ચાલ્યા જાય છે.પછી તે શ્રમણ તરીકેના જીવનમાં ઘણું બધું શીખે છે જેમ કે તે જીવન એ અતિશય કઠોર હતું દિવસોનો ઉપવાસ, સખત ગરમી ઠંડી સહન કરવાની, શ્વાસ રોકવાની કસરતો અને મુખ્ય તો પોતાના સ્વને ઓગાળી નાખવાનો સતત પ્રયત્ન શરીર અને મનને અત્યંત કષ્ટ આપવાનું અને સિદ્ધાર્થએ ખૂબ નિષ્ઠાથી આ બધું કરે પણ છે. શરીરને મનને ખૂબ પીડા આપી પણ ધીરે ધીરેસિદ્ધાર્થને સમજાયું એમને લાગ્યું કે આ તીવ્ર તપ અને શરીરને કષ્ટ આપવું એ તો બસ થોડા સમય માટે શરીર અને મનને બહેરું કરી દે છે. જાણે દારૂ પીધો હોય

એમ ક્ષણિક રાહત એનાથી સાચું જ્ઞાન કે મુક્તિ, નિર્વાણ એ નથી મળતું. એમણે જોયુ કે વર્ષોથી તપ કરતા ઘરડાશ્રમણો પણ નિર્વાણ સુધીનહોતા પહોંચ્યા એટલે એ માર્ગ પણ સાચો લાગ્યો નહીં.

એમણે ગોવિંદ સાથે ચર્ચા કરી કદાચ જ્ઞાન મેળવવાનો જે પ્રયત્ન છેઅને શીખવાની જે પ્રક્રિયા છે ક્યાંક એ જ તો આત્મ-જ્ઞાનના દુશ્મન નથી ને.

પછી જ્યારે તે બુદ્ધનો ઉપદેશ સાંભળે છે. ત્યારે ગોવિંદ એ એમના શિષ્ય બની જાય છે. સિદ્ધાર્થને બુદ્ધ પ્રત્યે ખૂબ આદર હતો પણ એમને સમજાયું કે પોતાનો રસ્તો એ કોઈ બીજાના ઉપદેશ પાછળ ચાલવાનો નથી પોતાનો માર્ગ જાતે જ શોધવો પડશે એમને અહેસાસ થયો એ બહારના ઉપદેશોપર નહીં પણ પોતાના અંદરના અનુભવો પર પોતાના અંતરઆત્માના અવાજ પર ભરોસો રાખીને શીખવાનું છે.એમને સમજાઈ ગયું કે જે સ્વથી પોતાના આંતરિક તત્વથી એ અત્યાચાર સુધી ભાગતા હતા અથવા તો જેને બુદ્ધિથી સમજવામાગતા હતા તેને હવે સીધો અનુભવવો પડશે. દુનિયાને માયા સમજીને નકારવાને બદલે તેને જ શીખવાનું સાધન બનાવવાનું નક્કી કર્યું. દુનિયાને સમજવાનો પ્રયત્ન એમણે વિચાર્યું કે આ દુનિયા એના રંગો, નદીઓ, પર્વતો આ બધું સુંદર છે. વાસ્તવિક છે. અને કદાચ સત્ય આમાં જ ક્યાંક છુપાયેલું છે. આમાંથી એ જાણવા મળે કેસિદ્ધાર્થની જે યાત્રા એ બહારના શીખવાથી શરૂ થઈ અંતે એ યાત્રા અંદરથી તરફ વળી.

કમલાને જ્યારે સિદ્ધાર્થ મળે છે. ત્યારે કમળાએ એક વેશ્યા હોય છે.સિદ્ધાર્થ એ કમલાથી પ્રભાવિત થઈને પ્રેમકળા શીખવાનું નક્કી કરે છે. પણ કમલાસિદ્ધાર્થને કહે છે કે આ બધા માટે ધન જોઈએ. ત્યારે સિદ્ધાર્થ જોડે ધન હોતું નથી કામસ્વામી જોડેથી ધન કમાય છે. અને સપનામાં આવેલા પક્ષીથી એને પોતાની વ્યર્થતા દેખાય છે. એજ ક્ષણે તે શહેર છોડી દે છે. કમલાએ સિદ્ધાર્થના ગયા પછી એ બધા મોજશોખ બંધ કરી દે છે અને એનો બગીચો પણ બૌદ્ધની અનુયાયીઓને ભેટ આપે છે. આ સિદ્ધાર્થ જોડે રહેવાથીકમલાબદલાયછે અને એક વૈશ્યામાંથી એ બુદ્ધની ભક્ત બની જાય છે. કમલા જ્યારે ગૌતમબુદ્ધના દર્શન કરવા જતી હતી. ત્યારે તેને નદી કિનારે સાપ કરડયો અને તે સિદ્ધાર્થના ખોળામાં માથું રાખીને ઊંઘી હતી ત્યારે કમલા એક નજરે તેની આંખોમાં જોઈ રહી અને તે ગૌતમના દર્શન કરવા ઇચ્છતી હતી પરંતુ તેના બદલામાં સિદ્ધાર્થ મળ્યા અને તેને જાણે ગૌતમના જ દર્શન કર્યા હોય એવું લાગ્યું.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

નાવિક વાસુદેવ જોડે તે રહે છે. વાસુદેવ તેનો માર્ગદર્શક છે. વાસુદેવ તેને નદીને સાંભળતા શીખવે છે. ત્યાં અસંખ્ય અવાજો, એનું સાશ્વત વર્તમાન જ્યાં ભૂતકાળ,ભવિષ્ય નદી જાણે એકતાનું પ્રતિક બની જાય છે.

નદીમાં જ્યારે તે કુદવા જાય છે. તે તરત જ એને 'ઓમનો' ધ્વનિ સંભળાય છે. એનાઅંતરમાં'ઓમ' ગુજે છે અને અટકી જાય છે. એને જીવનના સાશ્વત સ્વરૂપનું ભાન થાય છે. દીકરો એને છોડીને ગયો પછી એ નદીને વધુ ઊંડાણથી સાંભળે છે. વાસુદેવ સાથે એક વખત એને નદીના બધા જ અવાજો હજારો અવાજો એકસાથે સંભળાય છે અને બધા મળીને'ઓમ' બની જાય છે પરમ શાંતિ અંતિમ જ્ઞાનમળી જાય છે. જ્યારે સિદ્ધાર્થનો પુત્ર એ સિદ્ધાર્થને છોડી ને જતો રહે છે ત્યારે તેને નદીના હાસ્યમાં પોતાના પિતાનું દુ:ખ દેખાય છે. જ્યારે એ પોતે ભાગી ગયો હતો એ સમજે છે કે દરેકનો પોતાનો રસ્તો હોય છે એને જવા દેવો પડે ત્યારે તેને સામાન્ય માણસનુંદુ:ખ વાત્સલ્ય એ બધા માટે સહાનુભૂતિ જન્મે છે.

ગોવિંદ જ્યારે કૃતિના અંતે સિદ્ધાર્થને મળે છે ત્યારે તે સિદ્ધાર્થને ઓળખી ન શકતા તે સિદ્ધાર્થ જોડેથી ઉપદેશ માંગે છે અને સિદ્ધાર્થ એ કહે છે કે જ્ઞાન તો આપી શકાય શબ્દોમાં પણ પ્રજ્ઞા એ તો અનુભવવી પડે એ શીખી ન શકાય ગોવિંદ પૂરેપૂરો સમજી નથી શકતો અને શ્રદ્ધાથી સિદ્ધાર્થના માથા પર ચુંબન કરે છે ત્યારે તેને સિદ્ધાર્થના ચહેરા પર હજારો ચહેરા દેખાય છે. જીવો-રૂપો, જન્મતા, બદલાતા, મરતા નદીના પ્રવાહની જેમ પણ બધાજ એક જ સમયે હાજર અને બધા સિદ્ધાર્થના શાંત સ્મિત હેઠળ એકરૂપ થઈ જાય છે. ત્યારે ગોવિંદ સમજે છે કે સિદ્ધાર્થને બોધત્વ મળી ગયું છેએણે એકતા પામી લીધી છે. ગોવિંદ એ સિદ્ધાર્થની આંખોમાં ગૌતમ બુદ્ધ જેવુ એક સ્મિત દેખાય છે. ગોવિંદ નવલકથાના અંતે સિદ્ધાર્થ સાષ્ટાંગ દંડવત પ્રણામ કહે છે.

સિદ્ધાર્થની આખી યાત્રા ભૌતિક જગતમાંથી પસાર થઈને મોહ અને દુ:ખ અનુભવીને એણે અંતે અનુભવજન્ય જ્ઞાન સુધી લઈ ગઈ એ સિદ્ધાર્થને ખાલી ઉપદેશોથી નઇ પણ જીવનને પૂરેપુરું જીવીને મળ્યું.

**સંદર્ભ**:

1. સિદ્ધાર્થ- હરમાન હેસ
2. Innerlife-લાભશંકર ઠાકર